# સાત ગુજરાતીનો એવૉર્ડમાં દબદબો

## ▶ જૈનાચાર્ય રત્નસુંદર સૂરીશ્વર મહારાજને પદ્મભૂષણ, પુરુષોત્તમ ઉપાધ્યાયને પદ્મશ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* કેન્દ્ર સરકાર દ્વારા બુધવારે પદ્મ એવૉર્ડની જાહેરાત કરવામાં આવી છે. આ પૈકી છ ગુજરાતી મહાનુભાવોને પદ્મશ્રી એવૉર્ડ માટે પસંદ કરાયા છે. જ્યારે જૈનાચાર્ય રત્ન સુંદર સુરીશ્વરજીને પદ્મભૂષણ એવૉર્ડ માટે પસંદ કરાયા છે



ગુજરાતના પદ્મશ્રી એવૉર્ડ વિજેતાઓમાં પુરુષોત્તમ ઉપાધ્યાય (કલા-સંગીત), વી. જી. પટેલ (લિટરેચર એજ્યુકેશન), વિષ્ણુ પંડ્યા (લિટરેચર એજ્યુકેશન જનાર્લિઝમ), સુબ્રોતો દાસ (મેડિસીન), ડૉ. દેવેન્દ્ર ડાહ્યાભાઈ પટેલ (મેડિસીન), ગેનાભાઈ પટેલ (ખેતી) અને ગુજરાતના એનઆરઆઇ એચ. આર. શાહ (લિટરેચર અને એજ્યુકેશન જનાર્લિઝમ)નો સમાવેશ થાય છે.

માતૃભાષા ગુજરાતીમાં ૩૦૦થી વધુ પુસ્તક લખનારા જૈન આચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજના મોટાભાગના પુસ્તકો સામાજિક અને સાંસ્કૃતિક ઉત્થાનની વાત કરે છે. આચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજના પ્રવચન નૈતિકતા અને આધ્યાત્મિકતા થકી વ્યક્તિત્વ વિકાસ પર ફોકસ કરે છે. ૬૯ વર્ષના જૈન આચાર્ય એ ૧૯ વર્ષની ઉંમરે દિક્ષા લીધી હતી. તેમના પુસ્તકોનો હિન્દી, મરાઠી, ઇંગ્લિશ, ઉર્દૂ, સિંધીમાં અનુવાદ થયા છે. ■